**વિષય : ગુજરાતી** **ધોરણ : 6** **સત્ર : 1**

# 5. મહેનતની મોસમ

## જવાબવહી

**પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **[ 8 ]**

**(1) 'મોસમ આવી મહેનતની' એમ કવિ શા માટે કહે છે?**

**ઉત્તર** : આ વર્ષે વરસાદને કારણે સારો પાક થયો છે. ખેતરોમાં પાક તૈયાર થઈને ઊભો છે એટલે હવે લણવાનો સમય આવ્યો છે, તેથી કવિ 'મોસમ આવી મહેનતની' એમ કહે છે.

**(2) લોકોનાં હૈયામાં શા માટે આનંદ છવાય ગયો છે ?**

**ઉત્તર** : વરસાદ સારો વરસતાં ખેતરોમાં બાજરી, જુવાર અને કપાસનો પાક ખીલી ઊઠ્યો છે, આવો લહેરાતો પાક જોઈને લોકોનાં હૈયામાં આનંદ છવાય ગયો છે.

**(3) લીંપીગૂંપીને ખળાં શા માટે કરવા પડે ?**

**ઉત્તર** : ખેતરમાં લણણી કર્યા પછી પાકને ખળાંમાં એકઠો કરવો પડે છે એટલે કે, પાકમાંથી દાણા છૂટા પાડવા પડે છે, તેને સાફ કરવો પડે છે. આ રીતે પાકને ઘરે લઈ જતાં પહેલાં કે બજારમાં વેચતાં પહેલાં અહીં ચોખ્ખો કરવો પડે છે, તેથી જ ખેતરમાં ખળાં લીંપીગૂંપીને તૈયાર કરવા પડે.

**(4) મલકને આબાદ કરવા કવિ શું સૂચવે છે ?**

**ઉત્તર** : ખેતરમાં પાક તૈયાર થઈ ગયો છે. પાકને હવે લણવાનો સમય આવ્યો છે. કવિ દાતરડાં, પછેડી વગેરે લઈ ખેડૂતોને મહેનત કરવા કહે છે. આ રીતે સૌ સાથે હળીમળીને, ઉત્સાહ ને ઉમંગથી મહેનત કરે તો મલક આબાદ થાય, એમ કવિ સૂચવે છે.

# 5. મહેનતની મોસમ

## જવાબવહી

**પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** **[ 4 ]**

**(1)** વાયરા - **પવન**

**(2)** હિલોળ - **ઝૂલવું, ડોલવું**

**(3)** સોનાવરણી - **સોના જેવા રંગવાળી**

**(4)** દેનારો - **આપનારો**

**પ્રશ્ન-3. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[ 3 ]**

**(1)** આબાદ × **બરબાદ**

**(2)** મીઠું × **કડવું**

**(3)** દેનાર × **લેનાર**

**પ્રશ્ન-4. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** **[ 2 ]**

**(1)** ખેતર કે ગામની હદ - **સીમ**

**(2)** કણસલાં ગૂંદીને કે ઝૂડીને અનાજ કાઢવાની જગા - **ખળાં**

**પ્રશ્ન-5. નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવીને લખો.** **[ 3 ]**

મોલ, મલક, મેહુલિયો, માનવી, મહેનત, મોસમ

**ઉત્તર : મલક, મહેનત, માનવી, મેહુલિયો, મોલ, મોસમ**